**ક્રિ.કેસ નં. ૧૧૫૫૯૨/૧૮**

**હુકમ**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૦૭/૧૦/૨૦૧૮ ના રોજ પોતાના હવાલાવાળું વાહન જાહેરમાં ગેરકાયદેસર પારા પરમીટ કે આધાર વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં ચલાવી મળી આવતાં એમ.વી.એકટની કલમ ૧૮૫ મુજબનો ગુન્હો પોલીસે રજીસ્ટર કરી તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ.

(૨) ત્યાર બાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ તપાસની નકલો વિના મુલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ, આરોપીએ સ્વેચ્છીક રીતે અને રાજી ખુશી થી ગુન્હાની કબુલાત કરતી આંક – ૪ થી અલગ કબુલાત પુરશીશ પણ આપેલ છે. આરોપીની આંક –૩અન્વયે પ્લી/ નિવેદન રેકર્ડ કરતા, તથા આરોપીએ સ્વેચ્છીક રીતે અને રાજી ખુશી થી ગુન્હાની કબુલાત કરેલ તેમજ આંક – ૪ થી અલગ કબુલાત પુરશીશ પણ આપીને તેમને ઓછામાં ઓછી સજાને દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપી ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જાણવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વેચ્છીક રીતે ગુન્હો કબુલ કરતા હોય, કબુલાત પુરશીશ દાખલ કરવામાં આવ્યું.

(૩) આરોપી સામે એમ.વી.એકટની કલમ ૧૮૫ મુજબના ગુન્હાનું તહોમત છે, તેમજ આરોપીને આંક – ૪ નું કબુલાત પુરશીશ વંચાણે લેતાં, તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતા આરોપી, ગરીબ માણસ જણાય છે, તેમજ કુટુંબમાં એક માત્ર કમાનાર સભ્ય છે, બાલચ્ચા વાળો માણસ છે, તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે, તે સંજોગોમા તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા ન્યાયી અને ઉચિત માનું છું.

(૪) નામદાર ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૫(૨) જી.એલ.આર. પાના નંબર ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરિચંન્દ્રજી ઠાકોરના કેસમાં ડીવીઝન બેચે એવા સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે કે જે પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ

ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની પ્રથા છે. ઉપરોકત ચુકાદાના સિધ્ધાંતોને હુ નમ્રપણે માનું છું અને સદર હું ચુકાદાના પાના નંબર ૭૨૧. ૫૨ પેરા નંબર ૨૧. માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાનમાં લઈ ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનું છું અને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>હુકમ</u>**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે એમ.વી.એકટની કલમ– ૧૮૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા. **<u>૫૦૦/–</u>** (અંકે રૂપિયા પાંચ સો પુરા) ના દંડની તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામા આવે છે અને જો દંડની રકમ ન ભરે તો **<u>૭</u>** દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. આમ રૂા. ૫૦૦/– (અંકે રૂા. પાંચ સો પુરા) નો દંડનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ વાહન અન્વયે કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ રાખવામાં આવે છે. જો મુદામાલ અંગે કોઈ વચગાળાનો હુકમ ન થયો હોય તો આ કામના તપાસ કરનાર અધિકારીએ મુદામાલ વાહન અંગે માલિકીની ખરાઈ કરી મુદામાલ વાહન તેના માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. અન્ય મુદામાલ અપીલ સમય વીત્યા બાદ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૦૯/૦૩/૧૯ ના સ્પેશીયલ સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૩/૨૦૧૯
અમદાવાદ

(સુરેશકુમાર કલુદાન ગઢવી)
એડશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૩, અમદાવાદ
કોડ નં. જી.જે. ૦૧૦૨૩